eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 159
September 05, 2008

## કતલખાના બંધ રહેવા બાબત

આથી જાહેર જનતાને તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે નામદાર સુપ્રિમ કોર્ટનાં તા. ૧૧–૦૩–૦૮ ના ચુકાદા, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઉધના ઝોનની કામગીરી

સાઉથ ઝોન(ઉધના) માં ટી.પી. સ્કીમ નં. ૬ (મજુરા ખટોદરા) ફા. પ્લોટનં. –૩૬૮ પાર્કીગ રીઝર્વેશન વાળા પ્લોટમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથનું સુરતમાં ભવ્ય સ્વાગત



ગુજરાત રાજયની સ્થાપનના સુવર્ણ જયંતિ પ્રસંગે ગુજરાતને વિશ્વમાં શ્રેષ્ઠતમ સ્થાને પહોંચાડવાના ભવ્ય સંકલ્પ સાથે મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે અમરેલીથી તા.૦૧–૦૫–૨૦૦૮ ના રોજ " સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ " નું પ્રસ્થાન કરાવવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના–મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ/સ્લમ વિસ્તારોમાં સમગ્ર ૠતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આવાસ ફાળવણી માટે ડ્રોનું આયોજન લિંબાયત ઝોનના "આંબેડકર ભવન" ઉમરવાડા ખાતે



સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં કેનાલરોડ આંજણા રેલ્વે કલવર્ટ નં. ૪૪૦/એ ઉપર આયોજીત સૂચિત "રોડ ઓવર બ્રીજ" ની કામગીરીમાં નડતરરૂપ, અસરગ્રસ્ત ઝુંપડાવાસીઓને સ્થળાંતર કરી રીલોકેટ કરવાની કામગીરીનાં ભાગરૂપે,ઝુંપડાવાસી લાભાર્થીઓને આવાસ ફાળવણી માટે ડ્રોનું આયોજન લિંબાયત ઝોનના "આંબેડકર ભવન" ઉમરવાડા ખાતે કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" અંતર્ગત શ્રીસમસ્ત વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિની વાડી, કતારગામ, સુરત ખાતે સવારે ૦૮:૩૦ કલાકે ગ્રામ, ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે દીપ પ્રાગટય કરી વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો તા.૦૫–૦૯–૨૦૦૮નાં રોજ શુભારંભ



ગુજરાત રાજયના સ્થાપનાની સુવર્ણ જયંતિની ઉજવણીના ભાગ રૂપે પ્રસ્થાન થયેલ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" ના સુરત શહેર ઉત્તર વિભાગમાં તાઃ૦૫/૦૯/૨૦૦૮ ના રોજ આગમન કાર્યક્રમ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તાઃ૦૫/૦૯/૨૦૦૮ ના રોજ શ્રીસમસ્ત વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિની વાડી, કતારગામ, સુરત ખાતે સવારે ૦૮:૩૦ કલાકે ગ્રામ, ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે દીપ પ્રાગટય કરી વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો શુભારંભ કર્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઓકટોબર–૨૦૦૮ માં પુના ખાતે કોમનવેલ્થ રમત અંતર્ગત બેટનરીલેનું તા.૦૨–૦૯–૨૦૦૮નાં રોજ મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા ધ્વારા સ્વાગત



ઓકટોબર–૨૦૦૮ માં પુના ખાતે કોમનવેલ્થ રમતોનું આયોજન કરવામાં આવેલ છે. આ રમોત્સવ માં ૭૧ દેશોના ખેલાડીઓ ભાગ લેનાર છે. આ રમતોત્સવને પ્રોત્સાહન મળે અને લોકોમાં જાગૃતિ આવે તે કોમનવેલ્થ આયોજન કમિટિ ધ્વારા આયોજન પૂર્વે દિલ્હીથી પૂના વચ્ચે બેટનરીલનું આયોજન કરવામાં આવેલ છે. બેટન રીલે દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગોવા થઈને પુના ખાતે કહોંચશે. આ બેટન રીલે તા. ૨૮–૦૮–૦૮ થી ૦૩–૦૯–૦૮ દરમ્યાન ગુજરાતમાંથી પસાર થનાર છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## એરિયા બેઈઝડ  આકારણી

સુરત મહાનગરપાલિકા ધ્વારા ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન એટલે કે, સને ૨૦૦૮–૦૯ ના વર્ષથી એરિયા બેઈઝડ મિલ્કતવેરો વસુલવાનું નકકી કરવામાં આવેલ. જે અન્વયે સૌ પ્રથમ સુરત મહાનગરપાલિકા તરફથી પ્રત્યેક કરદાતાઓને  આકારણી દફતરે કરેલ નોંધનીજાણકારી આપવા માટે અહેવાલ પાઠવવામાં આવેલ. જેમાં ૧૦,૯૬,૧૪૬ અહેવાલ કરદાતાઓને મોકલવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## કતલખાના બંધ રહેવા બાબત

આથી જાહેર જનતાને તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે નામદાર સુપ્રિમ કોર્ટનાં તા. ૧૧–૦૩–૦૮ ના ચુકાદા, સ્થાયી સમિતિનાં ઠરાવ નં. ૯૪૭/૨૦૦૮ તા. ૨૬–૦૬–૦૮ તેમજ ગુજરાત સરકારશ્રી નાં પત્ર ક્રમાંક નં. અમન/ ૮૦૨૦૦૫/સી.એમ.૬૬૨/પી તા. ૨૬–૦૮–૦૮ થી વિદિત થઈ જૈન પર્યુષણ પર્વ નિમિતે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા તમામ પશુવધ શાળા/ કતલખાનાઓ તા. ૨૮–૦૮–૦૮ થી તા. ૦૪–૦૯–૦૮ સુધી તેમજ દિગંબર જૈન સંવત્સરી (અનંત ચતુર્દશી)/ગણેશ વિર્સજન યાત્રા યોજાય તે દિને તા. ૧૪–૦૯–૦૮ નાં રોજ એમ કુલ –૧૦ દિવસો બંધ રહેશે.

TOP

## ઉધના ઝોનની કામગીરી

સાઉથ ઝોન(ઉધના) માં ટી.પી. સ્કીમ નં. ૬ (મજુરા ખટોદરા) ફા. પ્લોટનં. –૩૬૮ પાર્કીગ રીઝર્વેશન વાળા પ્લોટમાં નવજીવન મોટર્સ ધ્વારા ૧૫×૩૦ ફુટનું ટેમ્પરરી સ્ટ્રકચર ટુ વ્હિલર ગાડીઓનાં પ્રદર્શન માટે સુરત મહાનગરપાલિકાની મંજુરી મેળવ્યા વિના મનસ્વી રીતે માથાભારે ઈસમો ધ્વારા ઉભુ કરવામાં આવેલ જે તા. ૩૧–૦૮–૨૦૦૮ રવિવાર રજાનાં દિવસે પણ ઉધના ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રી કે.એસ.દેસાઈ ની સીધી દેખરેખ હેઠળ સ્થળ પરથી દુર કરી દેવામાં આવેલ હતું.

TOP

# સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથનું સુરતમાં ભવ્ય સ્વાગત





ગુજરાત રાજયની સ્થાપનના સુવર્ણ જયંતિ પ્રસંગે ગુજરાતને વિશ્વમાં શ્રેષ્ઠતમ સ્થાને પહોંચાડવાના ભવ્ય સંકલ્પ સાથે મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે અમરેલીથી તા.૦૧–૦૫–૨૦૦૮ ના રોજ '' સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ '' નું પ્રસ્થાન કરાવવામાં આવેલ. આ ઉજવણીના ભાગરૂપે સંકલ્પ ધ્વારા સ્વવિકાસથી સમાજ અને રાજયના વિકાસનો ઉમદા હેતુ સાકાર કરવા આ રથનું સુરત શહેર ઉત્તર વિભાગમાં આજરોજ તા.૦૫–૦૯–૨૦૦૯ ના સવારે ૯–૦૦ કલાકે કતારગામ દરવાજા ખાતે આગમન થયેલ.

મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા બાદ ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ '' નું શાસ્ત્રોકત્તવિધિ અનુસાર મા.મંત્રી ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, મા.શ્રી નરોત્તમભાઈ પટેલ તથા મા.મેયરશ્રી રણજીતભાઈ ગિલીટવાલા ના વરદહસ્તે પુંજન કરી દીપ જયોતને પ્રજવલ્લીત કરી, સંકલ્પપત્ર અનુસાર ઉપસ્થિત મહાનુભાવો અને જાહેરજનતા પાસે શપથ લેવડાવામા આવ્યા. મંચસ્થ મહાનુભાવો ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,સદ્દસ્યોશ્રીઓ, જાહેર જનતા ધ્વારા રથનું સ્વાગત કરવામાં આવ્યું.

ત્યારબાદ ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ '' કતારગામ દરવાજા કુબેરનગર વાડીથી પાછળના રસ્તે કુબેરનગર ટી.પી.રોડ થઈ પારસ શાકમાર્કેટ, હનુમાનજીના મંદિર સુધી પહોંચતા મહાનુભાવો તથા નગરજનો ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું તથા ઉપસ્થિત જનમેદની પાસે સંકલ્પપત્ર અનુસાર સંકલ્પ લેવડાવામાં આવ્યા.

''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ '' પારસ શાકમાર્કેટથી ભાઈચંદનગર થઈ માધવાનંદ આશ્રમથી ઉદયનગર શ્રી ઉદ્દયેશ્વર મહાદેવ મંદિર સુધી પહોંચતા મહાનુભાવો તથા નગરજનો ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું તથા ઉપસ્થિત જનમેદની પાસે સંકલ્પપત્ર અનુસાર સંકલ્પ લેવડાવામાં આવ્યા.

''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ '' સહજાનંદ કોમ્પ્લેક્ષ, ધ્રુવતારકથી વેડરોડ થઈ પ્રાણનાથ હોસ્પિટલ સુધી પહોંચતા મહાનુભાવો તથા નગરજનો ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું તથા ઉપસ્થિત જનમેદની પાસે સંકલ્પપત્ર અનુસાર સંકલ્પ લેવડાવામાં આવ્યા.

''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ '' પ્રાણનાથ હોસ્પિટલથી વેડરોડ થઈ સંત જલારામ સોસાયટી, ગેટ નં.૧ થઈ સંત જલારામની વાડી સામે પહોંચતા મહાનુભાવો તથા નગરજનો ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું તથા ઉપસ્થિત જનમેદની પાસે સંકલ્પપત્ર અનુસાર સંકલ્પ લેવડાવામાં આવ્યા.

''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ '' સંત જલારામ વાડી સામેથી કુબેરનગર–૨ ના ટી.પી.રોડ કુબેરનગર થઈ ઉદયનગર ગેટ નં. ૨ થઈ ધ્રુવતારક સોસા.વાડીના પાછળના ભાગે થઈ હરિઓમ મીલ–કતારગામ હેલ્થ સેન્ટર રોડ પર આવેલ ગાયત્રી વિદ્યાલય પાસે પહોંચતા મહાનુભાવો તથા નગરજનો ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું તથા ઉપસ્થિત જનમેદની પાસે સંકલ્પપત્ર અનુસાર સંકલ્પ લેવડાવામાં આવ્યા.

''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ '' ગાયત્રી વિદ્યાલયથી નિર્મળાપાર્ક થઈ કતારગામ હેલ્થ સેન્ટરથી અંબિકા સોસા.ટી.પી.રોડ થઈ જેરામ મોરારની વાડી સુધી પહોંચતા મહાનુભાવો તથા નગરજનો ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું તથા ઉપસ્થિત જનમેદની પાસે સંકલ્પપત્ર અનુસાર સંકલ્પ લેવડાવામાં આવ્યા.

''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ '' જેરામ મોરારની વાડી અંબિકા સોસા. ટી.પી.રોડ થઈ ન.પ્રા.શિ.સમિતિની શાળા ક્રમાંક ૧૧૩ થી ૧૧૬ , પારસ સોસાયટી, કતારગામ ખાતે પહોંચતા મહાનુભાવો તથા નગરજનો ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું તથા ઉપસ્થિત જનમેદની પાસે સંકલ્પપત્ર અનુસાર સંકલ્પ લેવડાવામાં આવ્યા.

'સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ '' ના સ્વાગત તથા યાત્રાના કાર્યક્રમ દરમ્યાન મા.ધારાસભ્યશ્રી વાનાણી, શ્રીપ્રવિણભાઈ નાયક,મા.ડે.મેયરશ્રીમતિ કૌશિકાબેન દેસાઈ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ,શાસકપક્ષ નેતાશ્રી ર્ડા. જગદીશભાઈ પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,સદ્દસ્યશ્રીઓ, કમિશ્નરશ્રી,એસ.અપર્ણા, કલેકટરશ્રી દીલીપ રાવલ, પોલીસ કમિશ્નરશ્રી આર.એમ.એસ.બ્રાર, તથા બહોળી સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવેલ હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના–મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ/સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ આજ તાઃ ૩૦/૦૮/૨૦૦૮ ના રોજ લંગર ચાર રસ્તા પાસે, સુલતાનાબાદ (ડુમસ),સુરત ખાતે સવારે ૦૯:૩૦ કલાક થી બપોરે ૨:૦૦ કલાક દરમ્યાન આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડે.મેયર શ્રીમતિ કૌશિકાબેન દેશાઈ, રૂગ્ણાલયો,વૈદકીયરાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ અધ્યક્ષશ્રી પિયુષભાઈ શિવશકિતવાળા,નગર નિયોજન સમિતિ અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલ,કાયદા સમિતિ અધ્યક્ષશ્રી શશીકાંત દાલિયા, માજી.ડે.મેયરશ્રી ડો.સુષ્માબેન અગ્રવાલ,સ્થાનિક મ્યુ.સદસ્યા શ્રીમતિ સુચિત્રાબેન પટેલ,મ્યુનિ.સદસ્યશ્રી રાજેન્દ્રભાઈ પટેલ,શ્રી પ્રકાશભાઈ રાજપુત,શ્રીકિર્તિકુમાર શાહ,આરોગ્ય અધિકારીશ્રી ડો.હેમંત દેસાઈ,એડી.સીટી ઈજનેરશ્રીવી.ડી.પટેલ,અઠવાઝોન ના કાર્યપાલક ઈજનેરશ્રી જે.એમ.આઝાદ,નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.આશિષ નાયક,સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત,પનાસ/અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર તથા અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારીશ્રીએ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ.પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે મહાનગરપાલિકા દ્વારા ગત વર્ષે વિના–મૂલ્યે નિદાન સારવાર ના ૭૪ કેમ્પોનું આયોજન કરવામાં આવેલ જેમાં–૨૦,૫૨૫ જેટલા લાભાર્થીઓએ લાભ મેળવેલ હતો.વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પોમાં તજજ્ઞો દ્વારા જુદા–જુદા રોગનું નિદાન કરી સારવાર આપવામા આવે છે તથા જરૂર જણાયે સ્મીમેર હોસ્પીટલ ખાતે વધુ સારવાર માટે મોકલવામાં આવે છે.ચોમાસાની ઋતુમા કેમ્પો યોજવાનું મુખ્ય કારણ આ સમય દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે જેથી સ્લમ વિસ્તારના લોકો તેનો લાભ લે તથા યોજવામાં આવેલ આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી જાણકારી મેળવી જાગૃતિનાં કારણે પણ રોગચાળાનું પ્રમાણ ઘટવા પામે તેમ છે.

રૂગ્ણાલયો,વૈદકીયરાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ અધ્યક્ષશ્રી પિયુષભાઈ શિવશકિતવાળાએ પ્રાસંગિક પ્રવચનમાં મહાનગરપાલિકાના પ્રયત્નોથી રોગચાળાનું પ્રમાણ ઘટવા પામેલ છે જેથી મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની કામગીરીને બીરદાવી હતી.સ્થાનિક રહીશોને આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો લાભ લેવા જણાવ્યુ હતુ.આવા કેમ્પોથી સુરત શહેરની આજુ બાજુના વિસ્તારનાં લોકો પણ વિના મૂલ્યે નિદાન/સારવાળનો બહોળા પ્રમાણમાં લાભ લે છે તે પણ ગૌરવની બાબત છે.

Continue…

ડે.મેયર શ્રીમતિ કૌશિકાબેન દેસાઈએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે," ચોમાસા દરમ્યાન પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ રહે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિવિધ રોગ વિષેના પોષ્ટરો,બોર્ડ ડીસ્પલે કરી પ્રચારપત્રિકા,ઓડીયો–વિડીયો વિઝયુલ દ્વારા રોગોની જાણકારી તથા અટકાયત અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવે છે જેનો નાગરિકો દ્વારા અમલ કરવામાં આવે તો રોગચાળાનું પ્રમાણ ઘટાડી શકાય. સુરત મહાનગરપાલિકા મારફતે ગરીબ/સ્લમ વિસ્તારના નાગરીકોને આરોગ્ય સેવાનો લાભ મળી શકે તે માટે તેઓના ઘર આંગણે આવા કેમ્પો યોજવામાં આવે છે જેનો લાભ લેવા નાગરીકોને જણાવ્યું હતુ.નાગરીકોને સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થવા અનુરોધ કર્યો હતો.ગુજરાત સરકાર દ્વારા માતૃ બાળ સંજીવની સુરક્ષા યોજના કાર્યક્રમ હાથ ધરવામા આવ્યો છે તે મુજબ દરેક શહેરી આરોગ્ય કેન્દ્ર મારફતે " મમતા દિવસ " ની ઉજવણી થાય છે .જેથી ખાસ કરીને સ્લમ વિસ્તાર તથા ગરીબ કામદાર બહેનોએ બહોળા પ્રમાણમાં લાભ લેવો જોઈએ. બહેનો સગર્ભાવસ્થા દરમ્યાન,પ્રસુતિ પછી તથા નવજાત બાળકની સંભાળ,સારવાર, સલાહ વિગેરે બાબતની જાણકારી મેળવે તો તેઓમાં  જાગૃતિ આવશે જેથી બાળ મૃત્યુ દરનું પ્રમાણ ઘટાડી શકાય તેમ જણાવ્યુ હતુ.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી.મેડીકલ કેમ્પનો ડુમસ, સુલતાનાબાદ તથા આસપાસ વિસ્તારના ૪૦૪, લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૧૮,ચામડીના નિષ્ણાત દ્વારા ૯૨, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૨૮, બાળરોગ નિષ્ણાત દ્વારા ૩૫, ફિઝીશ્યન દ્વારા ૬૯ અને સર્જન દ્વારા ૨૯ તથા મેડીકલ પ્રેકટીશનર્સ દ્વારા ૩૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા ૨૮ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા.૭૮ ઓ.આર.એસ.પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૭૩ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ,નવી સીવીલ હોસ્પીટલ  ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે પાણી જન્ય,પાણી સંલગ્ન,એઈડઝ, ટી.બી., મેલેરીયા વિ.રોગ વિષેના પોષ્ટરો,બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા પોતાના વિભાગ વિષે જાણકારી આપી ૧૮૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.વાહકજનિક રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૨૨૮ ઓરલ પીલ્સ ૫૮ પેકેટ વિતરણ કરી કોપર–ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી તથા ૧૨૦૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૩૩ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૧૪૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત દરેક ઝોનમાં શહેરી આરોગ્ય કેન્દ્રો દ્વારા સ્લમ વિસ્તાર(ખજુરાવાડી,માન દરવાજા,નહેરૂનગર ઝુપડપટ્ટી, ઈ.ડબલ્યુ.એસ.કવા.ભેસ્તાન)માં કરવામાં આવેલ કેમ્પોમાં ૯૯૫ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિ.) ડો.આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો.હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધઃ** આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખ ૦૫/૦૯/૦૮નારોજ શ્રીસમસ્ત વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિની વાડી,હરી ઓમ બંગલાની પાછળ,ગાયત્રી નગર સોસા.વિ.–૫,અંબિકાનગર,કતારગામ,સુરત ખાતે રાખવામાં આવેલ છે.જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

## આવાસ ફાળવણી માટે ડ્રોનું આયોજન લિંબાયત ઝોનના ''આંબેડકર ભવન'' ઉમરવાડા ખાતે



સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં કેનાલરોડ આંજણા રેલ્વે કલવર્ટ નં. ૪૪૦/એ ઉપર આયોજીત સૂચિત ''રોડ ઓવર બ્રીજ'' ની કામગીરીમાં નડતરરૂપ, અસરગ્રસ્ત ઝુંપડાવાસીઓને સ્થળાંતર કરી રીલોકેટ કરવાની કામગીરીનાં ભાગરૂપે,ઝુંપડાવાસી લાભાર્થીઓને આવાસ ફાળવણી માટે ડ્રોનું આયોજન લિંબાયત ઝોનના ''આંબેડકર ભવન'' ઉમરવાડા ખાતે કરવામાં આવેલ.

કુલ અસરગ્રસ્ત ૬ (છ) ઝુપડપટ્ટી પૈકી તા.૪–૦૯–૨૦૦૮ ના રોજ સવારે ૧૦–૩૦ કલાકે આયોજન ડ્રો માં બાબાનગર ઝુંપડપટ્ટીનાં ૭૮, મગદુમનગર ઝુંપડપટ્ટીના ૧૭, અનવરનગર ઝુપડપટ્ટીના ૯૨ ઝુપડાવાસીઓને આવાસની ફાળવણી કરવામાં આવેલ.

તા. ૦૫–૦૯– ૨૦૦૮ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે આયોજીત ડ્રોમાં આંબેડકર વસાહતના ૫૨ તથા મામાનગર ઝુપડપટ્ટીના ૧૫૨ ઝુપડાવાસીઓના આવાસ ફાળવણી અંગે આયોજન કરવામાં આવેલ છે.

અસરગ્રસ્ત તમામ ઝુપડાવાસીઓને સુરત મહાનગરપાલિકાના સ્લમ અપગ્રેડેશન સેલ ધ્વારા JnNURM (જે એન નુર્મ) યોજનાં અંતર્ગત ડ્રા. ટી.પી. સ્કીમ નં. ૩૯ ( ઉધના – લિંબાયત) ના અનામત પ્લોટ નં. આર–૨૧ તથા ફા. પ્લોટ નં. ૪૧ અને ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૩૩ (ડુંભાલ) ના અનામત પ્લોટ નં. આર–૨૧ ખાતે નિર્માણ કરવામાં આવેલ આવાસ ફાળવવામાં આવેલ છે. ઉપરોકત આવાસના લાભાર્થીઓએ લોકફાળા પેટે રૂા. ૨૫૦૦૦/– સુરત મહાનગરપાલિકાને ભરપાઈ કરવાના રહેશે.

સદર કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ તથા સ્લમ કમિટિ ચેરમેન શ્રી સુમનબેન પાટીલ અને સ્થાનિક મ્યુનિ. સભ્યશ્રી મનુભાઈ પટેલ, શ્રી લાલખાન પઠાણ, શ્રી રાજુભાઈ અગ્રવાલ, શ્રીમતી કવિતાબેન કેરમકોન્ડા તેમજ ઝુંપડાવાસી લાભાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમ સફળ બનાવેલ.

TOP

## "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" અંતર્ગત શ્રીસમસ્ત વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિની વાડી, કતારગામ, સુરત ખાતે સવારે ૦૮:૩૦ કલાકે ગ્રામ, ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે દીપ પ્રાગટય કરી વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો તા.૦૫–૦૯–૨૦૦૮નાં રોજ શુભારંભ



ગુજરાત રાજયના સ્થાપનાની સુવર્ણ જયંતિની ઉજવણીના ભાગ રૂપે પ્રસ્થાન થયેલ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" ના સુરત શહેર ઉત્તર વિભાગમાં તાઃ૦૫/૦૯/૨૦૦૮ ના રોજ આગમન કાર્યક્રમ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તાઃ૦૫/૦૯/૨૦૦૮ ના રોજ શ્રીસમસ્ત વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિની વાડી, કતારગામ, સુરત ખાતે સવારે ૦૮:૩૦ કલાકે ગ્રામ, ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે દીપ પ્રાગટય કરી વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો શુભારંભ કર્યો હતો. જે પ્રસંગે ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાળા, ડે.મેયર શ્રીમતિ કૌશિકાબેન દેશાઈ, આરોગ્ય સમિતીના અધ્યક્ષશ્રી જયપ્રકાશ શાહ, રૂગ્ણાલયો,વૈદકીયરાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ અધ્યક્ષશ્રી પિયુષભાઈ શિવશકિતવાળા,લાઈટ અને ફાયર સમિતિ અધ્યક્ષશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, નગરનિયોજન સમિતીના અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલ,કાયદા સમિતિ અધ્યક્ષશ્રી શશીકાંત દાલિયા, મ્યુ.સદસ્ય શ્રીમતિ ગીતાબેન પટેલ,શ્રીમતિ રંજનબેન સરતાનપરા, મ્યુનિ.સદસ્યશ્રી પરષોતમભાઈ માંગુકીયા, શ્રી સતીષભાઈ પટેલ, મ્યુનિ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પી.)ડો.આઈ.સી.પટેલ, આરોગ્ય અધિકારીશ્રી ડો.હેમંત દેસાઈ, સ્મીમેરના ડીનશ્રી ડો. કલ્પનાબેન દેસાઈ,મેડીકલ સુપ્રિ.શ્રી ડો.વંદનાબેન દેસાઈ, કતારગામ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી.જે.એમ.ચૌહાણ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.એમ.એન.પટેલ, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, કતારગામ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો તથા અન્ય અધિકારી / કર્મચારીઓ તથા કતારગામ વિસ્તારના કાર્યકરો ઉપસ્થિત રહયા હતા.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો કતારગામ વિસ્તારના ૮૧૩ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૨૭૭,ચામડીના નિષ્ણાત દ્વારા ૧૬૪, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૩૬, બાળરોગ નિષ્ણાત દ્વારા ૭૮, ફિઝીશયન દ્વારા ૨૦૩ ,સર્જન દ્વારા ૩૪ તથા મેડીકલ પ્રેકટીશનર્સ દ્વારા ૨૧ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા ૧૯ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા. ૯૨ ઓ.આર.એસ.પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૩૫૨ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ,નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે પાણી જન્ય, પાણી સંલગ્ન, એઈડઝ, ટી.બી.,મેલેરીયા વિ.રોગ વિષેના પોષ્ટરો, બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા પોતાના વિભાગ વિષે જાણકારી આપી ૩૨૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.વાહકજનિક રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૧૩૧, ઓરલ પીલ્સ ૬ પેકેટ વિતરણ કરી કોપર–ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી.૧૮૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૫ બાળકોને ડીપીટી, પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૨૬૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પિ.)ડો.આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો.હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

TOP

## ઓક્ટોબર–૨૦૦૮ માં પુના ખાતે કોમનવેલ્થ રમત અંતર્ગત બેટનરીલેનું તા.૦૨–૦૯–૨૦૦૮નાં રોજ મા. મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલા ધ્વારા સ્વાગત



ઓક્ટોબર–૨૦૦૮ માં પુના ખાતે કોમનવેલ્થ રમતોનું આયોજન કરવામાં આવેલ છે. આ રમોત્સવ માં ૭૧ દેશોના ખેલાડીઓ ભાગ લેનાર છે. આ રમતોત્સવને પ્રોત્સાહન મળે અને લોકોમાં જાગૃતિ આવે તે કોમનવેલ્થ આયોજન કમિટિ ધ્વારા આયોજન પૂર્વે દિલ્હીથી પૂના વચ્ચે બેટનરીલનું આયોજન કરવામાં આવેલ છે. બેટન રીલે દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગોવા થઈને પુના ખાતે કહોંચશે. આ બેટન રીલે તા. ૨૮–૦૮–૦૮ થી ૦૩–૦૯–૦૮ દરમ્યાન ગુજરાત રાજયમાંથી પસાર થનાર છે.

આ બેટન રીલેના ખેલાડીઓનું સુરત જિલ્લામાં તા. ૦૨–૦૯–૦૮ ના રોજ સવારે ૮.૩૦ કલાકે સરથાણા, સુરત શહેર (સરથાણા જકાત નાકા પાસે) કુમ કુમ તિલકથી અને ફુલોની પાંખડીથી સ્વાગત કરતાં મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ડે.મેયર શ્રીમતી કૌશિકબેન દેસાઈ, કલેકટરશ્રી દિલીપ રાવલ , એડી. કલેકટરશ્રી જે.બી. પટેલ, એડી.સીટી ઈજનેરશ્રી વી.ડી.પટેલ,સાંસ્કૃતિક સમિતિના શ્રીમતી જયોતિબેન કોઠીયા, અન્ય સરકારી અધિકારીશ્રીઓ, જીલ્લા સ્પોર્ટસ ઓથોરીટીના હોદ્દેદારો, તેમજ વિવિધ સમિતિનાં ચેરમેનશ્રીઓ, મ્યુ.સદ્દસ્યશ્રીઓ, તથા મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીશ્રીઓ, સુરત શહેરના રમતવીરો, શાળા–કોલેજના વિધાર્થી–વિધાર્થીનીઓ, એન.સી.સી.ના જવાનો તેમજ નગરજનો વિ.મોટી સંખ્યામાં હાજર રહી બેટન રીલેના રમતવીરોને આવકારી સ્વાગત કરી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમને અંતે બેટન રીલેના ખેલાડીઓ સુરત રેલ્વે સ્ટેશનથી ઉધના દરવાજા, સચીન થઈ નવસારી જવા રવાના થયેલ હતા.

TOP

## એરિયા બેઈઝડ આકારણી

સુરત મહાનગરપાલિકા ધ્વારા ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન એટલે કે, સને ૨૦૦૮–૦૯ ના વર્ષથી એરિયા બેઈઝડ મિલ્કતવેરો વસુલવાનું નકકી કરવામાં આવેલ. જે અન્વયે સૌ પ્રથમ સુરત મહાનગરપાલિકા તરફથી પ્રત્યેક કરદાતાઓને આકારણી દફતરે કરેલ નોંધનીજાણકારી આપવા માટે અહેવાલ પાઠવવામાં આવેલ. જેમાં ૧૦,૯૬,૧૪૬ અહેવાલ કરદાતાઓને મોકલવામાં આવેલ. અને તે માટે એક માસનો સમય આપવામાં આવેલ. જે સમય દરમ્યાન ૪૮,૮૦૦ જેટલા કરદાતાઓએ અહેવાલ ફોર્મમાં વિગત ભરીને પરત આવેલ. અને જે પૈકી તમામ સુધારાઓ આકારણી દફતરે કરવામાં આવેલ. ત્યારબાદ એસેસમેન્ટ રજીસ્ટર તૈયાર કરવામાં આવેલ અને તા.૮/૮/૨૦૦૮ ના રોજ દૈનિક વર્તમાનપત્રોમાં જાહેર નોટિસ પ્રસિધ્ધ કરી કરદાતાઓ પાસેથી વાંધાઓ મંગાવવામાં આવેલ. જે પૈકી ૨૭૯ જેટલા વાંધાઓ નોંધાવવામાં આવેલ. જેનો નિકાલ કરવામાં આવેલ છે.

એરિયા બેઈઝડ આકારણી ની નવી પધ્ધતિ અમલમાં મુકવાને કારણે પ્રત્યેક કરદાતાઓને ખાસ નોટિસ આપવાની હોય છે. જેથી તે મુજબ પ્રત્યેક ઝોનમાં ખાસ નોટિસની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેની ઝોનવાઈઝ વિગત નીચે મુજબ છે.

| ઝોનનું નામ | ખાસ નોટિસની સંખ્યા | તે પૈકી વહેંચાયેલ ખાસ નોટિસની સંખ્યા | મળેલ વાંધા અરજી |
|---|---|---|---|
| રાંદેર ઝોન | ૧,૧૭,૦૧૩ | ૩૫,૭૦૦ | ૩૩૬ |
| સેન્ટ્રલ | ૧,૫૪,૭૦૦ | ૧૮,૩૦૦ | ૪૯૬ |
| કતારગામ | ૧,૫૪,૪૮૦ | ૪૪,૯૨૯ | ૧૧૭૬ |
| વરાછા | ૨,૬૪,૦૨૬ | ૧,૩૩,૩૦૩ | ૧૪૯૧ |
| ઉધના | ૨,૦૧,૬૮૦ | ૧,૦૫,૦૦૦ | ૩૭૫૫ |
| લિંબાયત | ૧,૬૭,૫૨૧ | ૭૬,૭૧૪ | ૭૦૬ |
| અઠવા | ૧,૦૪,૧૦૫ | ૩૭,૫૦૦ | ૨૧૭ |

આમ કુલ–૮૧૭૭ જેટલી વાંધા અરજી મળી છે. જેનો નિકાલ કરવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે. મળેલ વાંધાઓ પૈકી ખાસ કરીને વેરા વધારે હોવાની જનરલ રીતે રજુઆત હોવાનું જણાયેલ છે. તે સિવાય કેટલાંક કિસ્સાઓમાં ઉપયોગનો પ્રકાર અને ઉમરમાં પણ તફાવત હોવાના વાંધાઓ મળેલ છે. જે વાંધાઓ પૈકી જે કિસ્સામાં કરદાતા તરફથી પુરાવા રજુ કરવામાં આવેલ છે તેની ખરાઈ કરવાની અને તેટલા અંશે સુધારા કરવાની કામગીરી ચાલુ છે. આ સુધારાઓ પૈકી કેટલાંક ઉદાહરણો જોતાં જણાશે કે તેમાં ઉમરનો ડેટા ખોટો હોવાના કારણે કે કરદાતા તરફથી ઉપયોગના પ્રકારમાં થયેલ ફેરફારની જાણ આપેલ ન હોવાને કારણે વેરામાં વધારો માલુમ પડેલ હતો.

સેન્ટ્રલ ઝોનમાં આવેલ મિલ્કતો પૈકી

૧. ટેના. નં.૦૭એ–૦૫–૦–૦૦૬ આકારણી દફતરે મિલ્કતદાર ધ્વારા અગાઉ કોમર્શીયલ એસ્ટ્રાબ્લીશમેન્ટ તરીકે નોંધણી કરાવેલ હતી. હવે મીલ વીવીંગ તરીકેની મિલ્કત છે તેવી કરદાતાની રજુઆત અન્વયે ચકાસણી કરી ફેરફાર કરતા રૂા.૩૯૬૧૧–૩૦ પૈસાનો વેરો ઘટીને રૂા.૧૦,૩૫૦/– થયેલ છે.

૨. ટેના. નં. ૨બી–૦૩–૦૦૫૧–૦–૦૦૧ અને ૦૦૨ માં આકારણી દફતરે મિલ્કતની ઉંમરના ફેકટરમાં ૬૦ વર્ષને બદલે પાંચ વર્ષની ઉમર ગણતા રૂા. ૪૪,૨૫૩–૪૩ નો વેરો ગણાયેલ. જેમાં ઉમરના ફેકટરમાં સુધારો કરતા તેનો વેરો ઘટીને રૂા. ૨૦,૯૭૨/–થયેલ છે.

૩. રાંદેર ઝોનમાં ટેના. નં. ૧૬એ–૧૭–૦૭૬૧–૦–૦૦૧ વાળી મિલ્કતમાં આકારણી દફતરે ડીસ્પેન્સરી નોંધાયેલ હતી જે વર્ષોથી બંધ હોવા છતાં તે અંગે આકારણી દફતરે કોઈ સુધારો કરાવેલ ન હોવાથી તેની વિગતની ચકાસણી કરતા સ્થળ પર રહેણાંકનો ઉપયોગ માલુમ પડતા તે મુજબ આકારણી દફતરે ફેરફાર કરવામાં આવેલ. અને તેમ છતાં રૂા.૪૯,૦૦૦ વેરો ઘટીને રૂા.૭૨૪૫/– થયેલ છે.

૪. ટેના. નં. ૭એ–૧૫–૭૮૧–૦–૦૦૧ વાળી મિલ્કતમાં ઉપયોગનો પ્રકાર કોમર્શીયલ એસ્ટા. દર્શાવેલ હતો. હકીકતમાં સ્થળ તપાસ બાદ તેમાં વસવાટ માલુમ પડતા તેની અસર આપતા રૂા.૧૨,૬૨૮ નો વેરો ઘટીને રૂા.૨૯૨૬–૮૬ પૈસા થયેલ છે.

Continue...

૫. તે જ રીતે ટેના. નં. ૩એ–૧૧–૦૫૨૧–૦–૦૦૧ વાળી મિલ્કતમાં આકારણી દફતરે કોમર્શીયલ એસ્ટા. તરીકે નોંધાયેલ. હકીકતમાં તેમાં ગૃહ ઉદ્યોગ ચાલે છે જે અંગે મિલ્કતદાર તરફથી અત્રે નોંધણી કરાવેલ નથી. હવે રજુઆત અન્વયે કરેલ ચકાસણીમાં ગૃહ ઉદ્યોગ માલુમ પડતા તે મુજબની અસર આપતા અગાઉના રૂા.૧૦૫૪૦/– ના વેરામાં ઘટાડો થઈને તેવી મિલ્કતનો વેરો રૂા.૧૯૮૪–૨૭ પૈસા થયેલ છે.

૬. ટેના. નં. ૭એ–૦૫–૪૮૫૧–૦–૦૦૧ થી નોંધાયેલ મિલ્કતમાં રેસી. પાર્કીગ દર્શાવેલ હોવા છતાં રૂા.૧,૦૩,૦૪૦–૯૦ પૈસા જેટલો વેરો આકારવામા ં આવેલ. જેમાં રેસી. પાર્કીગને વેરાપાત્ર ગણવાનુ ન હોય તમામ ટેક્ષ રદ થશે.

આમ ઘણી મિલ્કતોમાં રેસી. પાર્કીગ આકારણી દફતરે નોંધાયેલ હોય તેવી જે જે મિલ્કતોમાં વેરો ગણાયેલ હશે તે તમામ વેરાઓ રદ થશે અને તેમ કરવાથી કુલ રૂા.૩.૨૫ કરોડ જેટલો ઘટાડો ડિમાન્ડમાં થશે.

આ રીતે ઉંમર, માપ, ઉપયોગનો પ્રકાર વિગેરેની એન્ટ્રીઓમાં સુધારો થતાં તે મુજબ વેરાની રકમમાં ઘટાડો થશે. હાલમાં પણ મળેલ ફરિયાદ/રજુઆતના આધારે આકારણી થયેલ નોંધની ચકાસણીની કાર્યવાહી ચાલુ છે.

આથી શહેરના કરદાતાઓને વિનંતી કરવામાં આવે છે કે વેરામાં વધારો થયેલ છે તેવી જનરલ અરજી કરવાને બદલે તેમની મિલ્કત અંગેની હકીકતલક્ષી વિગતો રજુ કરી મિલ્કતના માપ, મિલ્કતની ઉંમર, ઉપયોગનો પ્રકાર, માલિકી ધોરણે છે કે ભાડાના ધોરણે છે ? તેમજ નવી એરિયા બેઈઝડ આકારણીના કયા ફેકટર સંદર્ભમાં તેમની રજુઆત છે તે વિગતવાર જણાવ્યેથી આવી મિલ્કત સંદર્ભમાં મહાનગરપાલિકામાં નોંધાયેલ રેકર્ડ, ડેટા એન્ટ્રી કે અન્ય ભૂલોની ચકાસણી કરી જરૂરી ફેરફાર કરવામાં આવશે. ખાસ કરીને સ્લમ વિસ્તારમાંથી આવેલ રજુઆતોમાં અગાઉ જે વેરો ભરતા હતા તેને બદલે હવે રૂા.૮૦૦–૦૦ થી રૂા.૧૨૦૦–૦૦ જેટલો વેરો થયો હોવાની રજુઆત આવે છે. તે સંદર્ભમાં આ વિસ્તારમાં પાણી, રસ્તા, સ્ટ્રીટલાઈટ, ડ્રેનેજ જેવી પાયાની સગવડો મહાનગરપાલિકા તરફથી પુરી પાડવામાં આવે છે. એટલું જ નહિ પરંતુ આ વિસ્તારના નાગરિકો માટે આરોગ્ય વિષયક સેવાઓ પૂરી પાડવામાં આવે છે. જેમાં મફત રસીકરણ, આરોગ્ય સેન્ટર ધ્વારા વિવિધ સેવાઓ ઉપરાંત આંગણવાડી, બાગ–બગીચા ની સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. શહેરના સ્લમ વિસ્તાર સહિત સફાઈ ઉપરાંત ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની સુવિધા પણ મહાનગરપાલિકા તરફથી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેની સામે મહત્તમ કુલ રૂા.૧૨૦૦/– વેરો ગણવામાં આવે તો પણ એક દિવસનો વેરો રૂા.૩–૨૮ પૈસા થશે તે વિગત ધ્યાને લેવાપાત્ર છે.

હાલમાં પણ તમામ સાત ઝોનમાં કરદાતાઓ તરફથી કરવામાં આવતી અરજી સ્વીકારવામાં આવે છે તેમાં ફરીથી વિનંતી કરવામાં આવે છે કે તમારી મિલ્કતના ટેનામેન્ટ સંદર્ભમાં ઉંમર, માપ, ઉપયોગનો પ્રકાર, મિલ્કત આર.સી. સી./ નોન આર.સી.સી., મિલ્કતનો માલિકી ધોરણ ભોગવટો કરવામાં આવે છે કે ભાડૂતી ધોરણે, તેની ચોકકસ વિગતો સાથે પોતાની મિલ્કતના સંદર્ભમાં શું ફેરફાર કરવાનો છે તેવી સ્પષ્ટ અરજી કરવા શહેરના કરદાતાઓને વિનંતી કરવામાં આવે છે. તમામ ઝોન કચેરીએ રાખવામાં આવેલ આકારણી વેરા માર્ગદર્શન માટેની હેલ્પ ડેસ્ક પર બેઠેલ કર્મચારીઓ નો સંપર્ક કરવાથી કરદાતાઓને વેરા અંગેની સમજ આપવામાં આવે છે અને અરજી પણ સ્વીકારવામાં આવે છે.

TOP